# થરાદ પાલિકાના સિવિલ એન્જિનીયરને કરારમુક્ત કરાતાં કર્મચારીઓમાં ફફડાટ

## ચીફ ઓફીસરે સત્તાની રૂએ ગેરશિસ્તના કારણે લેખિત નોટીસ આપ્યાનું ચર્ચાસ્પદ

થરાદ, તા. ૨૩

થરાદ પાલિકામાં સાતેક વર્ષથી સિવીલ એન્જીનીયર તરીકે આર.આઇ. પટેલ નામના કર્મચારી કરાર આધારિત ફરજ બજાવતા હતા. જેમની નગરમાં ચાલતાં વિકાસકામો પર દેખરેખ રાખવાની અને બીલની ચકાસણી કરવા જેવી કામગીરી તેઓ બજાવતા હતા.



નગરપાલિકાની બોડી દ્વારા તેમના વાર્ષિક કરાર રિન્યુ કરીને રાખવામાં આવતા હતા. જોકે તાજેતરમાં જ નવા આવેલા ચીફઓફીસર મયુર જોષી દ્વારા પાલિકાના કર્મચારીઓ સામે તેમના શિસ્તપાલનને લઈને લાલ આંખ કરવામાં આવી રહી છે. તેમાં અચાનક આ કર્મચારી આર. આઇ. પટેલને ત્રણેક દિવસ પહેલાં લેખિત નોટીસ આપીને કરારમુક્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

તેઓને છુટા કરવામાં આવ્યા છે પરંતું તેને વહીવટી બાબત ગણાવી ચીફઓફીસર જોષીએ વધુ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. બીજી બાજુ શિસ્તપાલનને મુદ્દે કર્મચારીને છુટ્ટા કરવામાં આવ્યા હોવાનું પણ પાલિકા વર્તુળોમાં ચર્ચાસ્પદ બન્યું હતું. અત્રે ઉલ્લેખનીય છેકે નગરપાલિકાના કેટલાક કર્મચારીઓ તેમની ફરજમાં ખુબ જ ઉદાસીનતા દાખવવાના કારણે નગરજનોના સામાન્ય કામો પણ નહી થતાં હોવાનો સુર અનેક અરજદારોમાં ઉઠવા પામ્યો હતો. જેના કારણે ચીફ ઓફીસર આક્રમક બનીને સ્ટાફને શિસ્તમાં લાવવાનાં પગલાં લઈ રહ્યા છે. જે પણ કેટલાક કર્મચારીઓને નહી ગમતું હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું છે. તેમાંય ચીફઓફીસર દ્વારા તેમની સત્તાનો ઉપયોગ કરતાં કર્મચારીઓમાં ફફડાટની લાગણી પ્રસરવા પામી છે. બીજી બાજુ સિવિલ એન્જીનીયરની નવી ભરતી ન થાય ત્યાં સુધી સિવિલ કામગીરીનો ચાર્જ આરએન્ડબી સ્ટેટના એસ.ઓ કે એન્જીનીયરને આપવો જોઈએ તો સારી કામગીરી થશે તેવી માંગ નગરના પ્રબુદ્ધ નાગરીકોમાં ઉઠવા પામી છે.

### એક કર્મચારીની કામગીરી બદલવાનો પ્રસ્તાવ નામંજુર કર્યો હતો

થરાદ પાલિકાની ગત ૧૩ માર્ચે યોજાયેલી સામાન્ય સભામાં ચીફઓફીસરે પોતાની જવાબદારીમાં આવતી જન્મમરણ ડેટા એન્ટ્રી ઓનલાઈનની કામગીરી એક કર્મચારીએ પુર્ણ નહી કરી હોવાથી તેની કામગીરી બદલવાનો પ્રસ્તાવ ઠરાવ માટે સામાન્ય સભામાં મુક્યો હતો. જોકે પાલિકાની બેઠકમાં ૧૫ સદસ્યોએ તેનો વિરોધ કરી બહુમતીથી તેને નામંજુર કરવામાં આવ્યો હતો. આથી વધુ એક કર્મચારી પર લટકતી તલવાર હોવાનું પણ પાલિકા વર્તુળોમાં ચર્ચાસ્પદ બન્યું હતું.

# માલપુરીયા ગામના કૂવામાંથી મહિલાનો મૃતદેહ મળતા ચકચાર

## કંસારા ગામની વતની માલપુરીયા ગામમાં પરિવાર સાથે ખેત મજૂરી કરતી મહિલા ૪ દિવસથી ગૂમ હતી

પાલનપુર, તા. ૨૩

પાલનપુર તાલુકાના માલપુરીયા ગામની ૪ દિવસથી ગૂમ એક આદિવાસી મહિલાનો મૃતદેહ ગામ નજીક આવેલા કુવામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાલનપુર તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ અમીરગઢ તાલુકાના કંસારા ગામના કાલીબેન વજાભાઈ ખરાડી ખેત મજૂરી કરવા માલપુરીયા ગામ ખાતે રહેતા હતા. દરમિયાન તેણી છેલ્લા ચાર દિવસથી ગૂમ થઈ ગયા હતા. તેમની પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતા.

દરમિયાન બુધવારે સવારે ગામ નજીક આવેલા કુવામાંથી કાલીબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર સાથે અરેરાટી પ્રસરી ગઈ હતી. આ અંગેની જાણ થતાં જ તાલુકા પીએસઆઇ એ. વાય. પટેલ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો. અને અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હત્યા કે આપઘાત રહસ્ય અકબંધ

કાલીબેન છેલ્લા ચાર દિવસથી ગૂમ થયા હતા. અને બુધવારે તેમનો મૃતદેહ કુવામાંથી મળી આવ્યો હતો. ત્યારે તેણીએ જાતે જ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું છે કે પછી કોઈએ નિર્મમ હત્યા કરી મૃતદેહને કૂવામાં નાંખી દીધો તેને લઈ અનેક રહસ્યના તાણાવાણા સર્જાવા પામ્યા છે.



### અરવલ્લી જિલ્લામાં જળ દિવસની ઉજવણી નિમિત્તે શપથગ્રહણ

અરવલ્લી જિલ્લામાં વિશ્વ જળ દિવસની ઉજવણી નિમિત્તે મોડાસામાં આવેલી લાટીવાળા ડી.એલ.એડ કોલેજમાં અરવલ્લી જીલ્લા શિક્ષકોના યોજાયેલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં જળ એજ જીવન જાગૃતિ અંગેનો સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં જાણીતા સાહિત્યકાર ડૉ. સંતોષ દેવકર, પાણી બચાવો જીવન બચાવોનું અભિયાન ચલાવતા નિલેશ જોષી, મોડાસાન ગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખ, ડૉ. મદનસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ તાલીમાર્થી શિક્ષકોને પાણી બચાવો પ્રચાર પ્રસાર કરવાની શપથ લેવડાવ્યા હતા.

# પ્રાંતિજમાં બીજા દિવસે પણ ટ્રાફિક ઉલ્લંઘન કરનાર સામે લાલ આંખ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે એપ્રોચરોડ પરથી બજારચોક વિસ્તારમાં વધતાં જતા વધતાં જતાં ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થવાને બદલે વધારો થતાં પ્રાંતિજ પોલીસ દ્વારા છેલ્લા બે





ખાતે જીલ્લા પોલીસ વડા શ્રીવાસ્તવ, પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા દ્વારા પેટ્રોલીંગ એનસી આપી આવનાર દિવસમાં કાર્યવાહી કરવામાં આવશે અને તેથી વધુ એપ્રોચરોડ ઉપર આવેલ દબાણકારોમાં ભયનો માહોલ જોવા મલ્યો હતો અને આપ મેળે હાલ તો ખસતા નજરે પડ્યા છે.

ટ્રાફિકને લઈને પ્રાંતિજ પોલીસ દ્વારા છેલ્લાં બે દિવસથી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સતત બીજા દિવસે પણ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ ખાતે દિન પ્રતિદિન દિવસથી ટ્રાફિકનું ઉલ્લંઘન કરનારા સામે લાલ આંખ કરવામાં આવી છે. પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રથમ નળતર રૂપ લારી ગલ્લાવાળા વેપારીઓને પ્રેમથી સુચના આપ્યા બાદ બીજા દિવસે પણ પ્રાંતિજ કરવામાં આવ્યું હતુ. હાલ તો લારી-ગલ્લાવાળા સહિત દબાણકારો તથા ટ્રાફિક ઉભુ કરનારા વાહન ચાલકો સામે પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જીપીએફ મુજબ લારી ગલ્લા સહિતના નળતરરૂપ લારી ગલ્લાઓ ડીઈટેન કરાશે. છેલ્લા બે દિવસથી નળતરરૂપ ટ્રાફિક ખુલ્લો થતાં પોલીસની કામગીરી લઈને નગરજનોમાં ખુશી જોવા મળી છે. હાલ તો એપ્રોચરોડ ફુટપાથ સહિતના વિસ્તાર સહિત ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિક ખુલ્લો થતા રોજિંદુ અવરજવર કરનાર લોકોમાં ખુશી જોવા મળી હતી.

# ભિલોડા તાલુકા પંચાયતનું ૨૦.૮૭ કરોડનું પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર

ભિલોડા તાલુકા પંચાયત કચેરી સભાખંડમાં પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી



પ્રસરી છે. શિક્ષણ, પશુપાલન, ખેતીવાડી સહિત વિવિધ યોજનાઓવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું. ભિલોડા તાલુકા પંચાયત વર્ષ ૨૦૧૭-૧૮ નું અંદાજપત્ર માટેની બેઠક તાલુકા પંચાયત સભાખંડમાં ટી.ડી.ઓ. કે.કે. ચૌધરી, પ્રમુખ કુંદનબેન ડામોર, ઉપપ્રમુખ તુલસીભાઈ પાંડોર, કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, ચેરમેન સામાજીક ન્યાય સમિતી રમેશભાઈ એસ. ભગોરા, ધારાબેન કે.પટેલ, હિસાબનીશ સહિત વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતીમાં રૂા.૨૦.૮૭ કરોડનું પુરાંતવાળુ વિવિધ યોજનાઓનું આયોજન કરી સર્વાનુમતે બજેટ મંજુર કરાયું હતું. તાલુકા પંચાયત પ્રમુખ, કારોબારી અધ્યક્ષ, ઉપપ્રમુખ, ટી.ડી.ઓ., બાંધકામ શાખા, વિસ્તરણ શાખા, નાયબ હિસાબનીશ સહિત અધિકારીઓ ધ્વારા પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે રજુ કરાયું હતું. શિક્ષણક્ષેત્રે રૂા. ૩૦,૦૦૦/-, પશુપાલન માટે રૂા.૧૦,૦૦૦/-, ખેતીવાડી માટે રૂા.૭૦,૦૦૦/-, જાહેર બાંધકામ ક્ષેત્રે રૂા.૧,૫૦,૦૦૦/-, કુદરતી આફતો રૂા.૧,૦૦,૦૦૦, સ્વચ્છતા અભિયાન સહિત વિવિધ યોજનાઓની જોગવાઈ કરેલું કુલ રૂા.૨૦.૮૭ કરોડનું જોગવાઈઓ વાળુ બજેટ મંજુર કરાયું હતું. ભિલોડા તાલુકા પંચાયત કચેરીનું બજેટ રજુ કરાયું ત્યારે તાલુકા પંચાયત સદસ્યો, વિવિધ શાખાઓના અધિકારીઓની ઉપસ્થિતીમાં બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું.

## ધાનેરા તાલુકામાં મોટા પાયે વૃક્ષોનું થતુ પતન રાત્રી સમયે નંબર વગરનાં ટ્રેકટરોની હેરાફેરી સો મિલોનાં માલિકો અને અધિકારીઓની મિલિભગત

ધાનેરા તાલુકામાં દિવસેને દિવસે લીલા વૃક્ષોનું પતન થતું જાય છે મોટા પ્રમાણમાં વૃક્ષો કપાઈ રયા છે જે પર્યાવરણ માટે મોટું નુકસાન કારક છે. સરકારશ્રીની કરોડો રૂપિયાની યોજનાં પણ ધુળમાં જઈ રહી છે એક વૃક્ષ વાવીને હજારોની સંખ્યામાં વૃક્ષો કપાઈ રયા છે સરકાર માં બેઠેલ અધિકારી પણ નોટોની થપ્પી હાથમાં લઈ જલશા કરી રયા છે ધાનેરા માં કેટલાક સો મિલો લાયસન્સ વગરનાં પણ છે અને સિંગલ મશીનનાં લાયસન્સ પર ડબલ બેન્સા ઓ ધમધમી રયા છે ઠેર-ઠેર નવિ સો મિલો બની રહી છે અને સો મિલોનાં માલિકો અધિકારીઓની મીલીભગતથી ધંધો કરી રયા છે આ બાબતે અમો તપાસ કરતાં જાણવા મળેલ છે. રાત્રીનાં સમયે ૮વાગ્યા પછી રોજનાં ૫૦થી૧૦૦ ટેકટરો ની હેરાફેરી થઈ રહી છે આ બાબતે મોટો ભ્રષ્ટાચાર નીકળે તેવું લાગે છે ધાનેરા મામલતદાર અને ફોરેસ્ટ ખાતું ઉધી રયુ છે અને વૃક્ષો કપાઈ રયા છે. બિજુ અનેક જગ્યાઓ પર રહેઠાણની જગ્યાઓ પર સો મિલો નાં ધંધા થઈ રયા છે જમીન હેતુફેર કરવી જરૂરી છે પરંતુ રૂપિયા નાં તોલે ભ્રષ્ટાચારનાં સપોટથી બધુ બરાબર છે તેમ ચાલી રયુ છે.

## બેચરાજી ખાતે ૨૯મીથી ચૈત્રી પૂનમનો મેળો યોજાશે

આધશકિત પીઠોમાં જેનું અનેરૂ સ્થાન છે તેવા જગ પ્રસિદ્ધ બહુચરાજી માતાજીના મંદિરના સાનિધ્યમાં ચૈત્રી પુનમના પરંપરાગત મેળાનું અનેરૂ મહાત્મય છે. આ તીર્થધામમાં મેળાના દિવસોમાં સ્થાનિક ઉપરાંત અમદાવાદ, રાજસ્થાન સહિત ઉત્તર ગુજરાતમાંથી લાખો ભાવિકો માતાજીના દર્શનાર્થે ઉમટે છે. ચુંવાળ પંથકમાં બહુચરાજી યાત્રાધામ વિકાસ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ બની છે. યાત્રાધામ બહુચરાજીમાં આગામી ૨૯ માર્ચથી ૩૧ માર્ચ (ગુરૂવારથી શનિવાર) દરમિયાન ભરાનાર ચૈત્રી પૂનમના લોકમેળામાં લાખો શ્રધ્ધાળુઓ મા બહુચરના દર્શનાર્થે પધારતા હોય છે. પૂનમના દિવસે બહુચર ભોજનાલયમાં વિના મૂલ્યે ભોજન સહિત યાત્રાધામમાં વિશ્રામની વિવિધ જગ્યાએ વ્યવસ્થા કરાઈ છે. આરોગ્ય સેવાઓ માટે તંત્ર ખડેપગે કરાયું છે. આ ઉપરાંત પે એન્ડ યુઝ ટોઈલેટ સહિત મોબાઈલ ટોઈલેટની સુવિધા કરાઈ છે.

## માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદિરનું ગૌરવ

ભિલોડા, તા. ૨૩

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરીને કડીની એચ.વિ.એચ.પી. ઈન્સ્ટીટ્યુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ સેન્ટરના સેમ-૪ માઈક્રોબાયોલોજી(બીએસસી)માં અભ્યાસ કરતા અને આચાર્ય આર.જે. તન્ના પ્રેરણા મંદિર રમણભાઈ પટેલના પુત્ર પટેલ હાર્દિક રમણભાઈ તેમને અભ્યાસ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ૨૦૧૬માં નેશનલ હેન્ડબોલ ટીમમાં સિલેક્શન થઈ ઉદેપુર રાજસ્થાન રમવા માટે ગયેલ. કે.એસ.વિ. યુનિવર્સિટી યુવક મહોત્સવમાં પણ ઓરકેસ્ટ્રામાં પ્રથમ સ્થાન મેળવેલ છે. તેમજ જે બદલ એચ.વિ., એચ.પી. ઈન્સ્ટીટ્યુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ દ્વારા શાળાને આવા વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ અભિનંદન આપેલ છે.

# પોગલુ ખાતે પ્રિ. ગુણોત્સવ સાહિત્ય વિતરણ

## જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના હસ્તે બી.આર.સી, સી.આર.સી. કો.ઓ. હેડ ટીચરોને કિટનુ વિતરણ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે આવેલ પોગલુ પ્રાથમિક શાળા ખાતે પ્રિ. ગુણોત્સવ સાહિત્ય જીલ્લા શિક્ષણાધિકારીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા શિક્ષણમાં સુધારો આવે અને બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી લાખ્ખો રૂપિયાનો ખર્ચ શિક્ષણ પાછળ કરવામાં આવે છે. તો શિક્ષણને સુધારાને લઈને દર વર્ષે ગુણોત્સવ યોજાય છે. પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં પ્રિ. ગુણોત્સવ ૨૦૧૮નો યોજાનાર પ્રિ ગુણોત્સવને લઈને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયની પ્રેરણાથી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પ્રિ. ગુણોત્સવ ૨૦૧૮નો સાહિત્ય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ૧૭ શાળાઓના ૩૯૩૧ બાળકોને ૬-૭ એપ્રિલના બે દિવસ પ્રિ ગુણોત્સવ



કાર્યક્રમ યોજાશે. પોંગલુ ખાતે પ્રિ.ગુણોત્સવ કાર્યક્રમ તાલુકાના બી.આર.સી., સી.આર.સી કો.ઓ અને હેડ ટીચરની ટીમ દ્વારા પ્રિ ગુણોત્સવનુ મુલ્યાંકન કરવામાં આવ્યુંહતું. ઉપસ્થિત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય દ્વારા શિક્ષકોને માર્ગદર્શન આપી બી.આર.સી., સી.આર.સી તથા આચાર્યો શિક્ષકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાના માર્ગ દર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પોગલુ શાળાના આચાર્ય જીનલબેન પટેલ, બી.આર.સી. જીગ્નેશભાઈ પટેલ, અજયભાઈ, શૈલેશભાઈ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં. પોગલુ શાળાના શિક્ષક વાઘેલાભાઈ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.







# પ્રાંતિજમાં શ્રી વેરાઇ માતાએ ચૈત્રી નવરાત્રીનો રંગ જામ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આદ્યશકિત આરાધના પર્વ ચૈત્રી નવરાત્રીના પાંચમા નોરતે શ્રી વેરાઈ મંદિરે નવરાત્રીનો રંગ જામ્યો હતો અને ગરબા રસિકો ગરબાના તાલે ઘુમતા નજરે પડયા હતા. પ્રાંતિજ આરામગુહ નાની ભાગોળ પાસે આવેલ શ્રી વેરાઈ માતાના મંદિર ખાતે મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ૩૧મો નવરાત્રી મહોત્સવ યોજાઈ રહ્યો છે. વર્ષો પહેલાં અહીં ચૈત્રી નવરાત્રીમા માત્ર દિવો કરવામાં આવતો હતો, પણ સમય જતાં છેલ્લા ૩૧ વર્ષથી શ્રી વેરાઈ માઈ મંડળ દ્વારા મંદિરની સજાવટની સાથે મ્યુઝિક ગ્રુપ કલાકારો દ્વારા ગરબાની રમઝટ યોજાય છે. ત્યારે પ્રાંતિજ વેરાઈ મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગબેરંગી લાઈટોથી મંદિર સંકુલ સહિત ચોકની સજાવટ કરવામા આવી છે અને પાંચમાં નોરતાએ મ્યુઝિક ગ્રુપ કલાકારો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં ગરબા રસિકો માના ચોકમાં મનમુકીને ગરબે ઘુમ્યા હતા. પ્રાંતિજ સહિત તાલુકામાં માત્ર પ્રાંતિજ ખાતે શ્રી વેરાઈ માતાના મંદિરે જ ચૈત્રી નવરાત્રી મહોત્સવ યોજાય છે. અંહી ચૈત્રી નવરાત્રીમાં માઈ ભક્તો દ્વારા બાધા રાખવામાં આવે છે જેમાં લાણીની તથા નાસ્તા બાધા રાખવામાં આવે છે અને માનેલ બાધા પૂર્ણ થતાં માઈ ભકતો ચૈત્રી નવરાત્રીમાં બાધા પૂર્ણ કરે છે. ચૈત્રી નવરાત્રી પ્રસંગે પ્રાંતિજ તથા તાલુકામાંથી હજારો માઈ ભકતો વેરાઈ માતાનાં દર્શનનાર્થે આવે છે અને માના દર્શન કરી ધન્યતા અનુભવે છે. જયારે મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.